# શ્રી સોમનાથ ટ્રસ્ટ

# દ્વારા

# શ્રી સોમનાથ મંદિર પર

# ત્રાંબાના કળશ તૈયાર કરી

# તેની ઉપર સોનાનો વરખ

# ચઢાવવા અંગેની કામગીરીનું

# ટેન્ડર

# શ્રી સોમનાથ ટ્રસ્ટ - પ્રભાસ પાટણ

| | | |
|---|---|---|
| ૧. | કામની વિગત | : ત્રાંબાનાકળશ તૈયાર કરી તેની ઉપર સોનાનો વરખ ચઢાવીને મંદિર ઉપર લગાવવાની કામગીરી |
| ૨. | સમય મર્યાદા | : ૦૬ માસ વર્કઓર્ડર આપ્યાથી |
| ૩. | ટેન્ડર ફી | : રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) (નોન રીફંડેબલ) |
| ૪. | ઈ.એમ.ડી. | : રૂા.૨,૫૧,૦૦૦/- (એકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા) (રીફંડેબલ) |
| ૫. | સિકયોરીટી ડીપોઝીટ | : બેંક ગેરેન્ટી ૦૧ વર્ષ માટે રૂા.૨,૫૧,૦૦૦/- |
| ૬. | ટેન્ડર પરત લેવાની તારીખ | : તા. : ................ સાંજના ૧૭.૦૦ કલાક સુધી |
| ૭. | એજન્સીનું નામ | : શ્રી.......................................... |
| ૮. | એજન્સીનું સરનામું | : ............................................... |
| | | : ............................................... |
| | | : ............................................... |
| | (સંપર્ક નંબર) | : ............................................... |
| | (સંપર્ક વ્યક્તિનું નામ) | : ............................................... |
| ૯. | ઈ-મેઈલ એડ્રેસ | : ............................................... |

૧૦. એજન્સીએ ટેન્ડર સાથે જોડવાના જરૂરી રજીસ્ટ્રેશન, સર્ટીફીકેટ, લાયસન્સ વિગેરેની વિગતો ::-

(૧) જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ

(૨) પાનકાર્ડ

(૩) ફર્મ નોંધણીનું પ્રમાણપત્ર

(૪) છેલ્લા ૦૫ વર્ષનું સી.એ. સર્ટીફાઈડ સર્ટીફિકેટ

જનરલ મેનેજર
શ્રી સોમનાથ ટ્રસ્ટ

પ્રતિષ્ઠિત અને અનુભવી કોન્ટ્રાકટરો જે પરંપરાગત સ્થાપત્ય મંદિરોમાં ત્રાંબુ ઉપર સોનાનો વરખ ચડાવી અને લગાવવવાની (ફિટીંગ) કરવાની કામગીરી કરી હોય તેવા પ્રતિષ્ઠિત અને અનુભવી કોન્ટ્રાકટરો પાસેથી બે સીલબંધ કવરમાં (એક કવરમાં ભાવ પત્રક તથા બીજા કવરમાં ટેકનીકલ બીડ) ભરવા માટે આમંત્રણ આપવામાં આવે છે. પ્રથમ ટેકનીકલ બીડનું કવર ખોલવામાં આવશે જેમાં કોન્ટ્રાકટર દ્વારા સામેલ ડોકયુમેન્ટ બરાબર હશે તો જ પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે.

માત્ર એવા બિડર્સને પસંદ કરવામાં આવશે જે બિડર્સ દ્વારા આ પ્રકારના અગાઉ કામ કરેલ હોય અને છેલ્લા પાંચ વર્ષમાંથી ત્રણ વર્ષમાં રૂપિયા પચાસ લાખ કે તેનાથી વધારે આ પ્રકારના કામ કરેલ હોય અથવા બિડર્સ પાસે રૂા.૧૫૦ લાખનું આ પ્રકારનું કામ કરવાનો અનુભવ અને એકઝીકયુશન કરવાનો છેલ્લા ૦૫ વર્ષનો અનુભવ હોવો જોઈએ.

ટેન્ડરને માન્ય રાખવું કે ન રાખવું તેમજ કોઈપણ એક ટેન્ડર અથવા તમામ ટેન્ડર રદ કરવાનો શ્રી સોમનાથ ટ્રસ્ટનો અબાધિત અધિકાર રહેશે. જેનું કોઈ કારણ આપવામાં આવશે નહીં. તેમજ કોઈ દલીલ કે તકરાર માન્ય રાખવામાં આવશે નહીં.

સ્થળ ::-

તારીખ ::- આપનો વિશ્વાસુ

કોન્ટ્રાકટરની સહી અને સિક્કો

**-:: બાહેંધરી ::-**

૧. ત્રાંબુ ખરીદી માપ-સાઈઝ પ્રમાણેના કળશ બનાવી લગાવવાનું કામ

૨. ત્રાંબાના કળશ પર સોનું ચઢાવી લગાડી આપવાની મંજુરી

૩. પથ્થરના કળશની સાઈઝ (નાનો)..........................

૪. પથ્થરના કળશની સાઈઝ (મધ્યમ)..........................

૫. પથ્થરના કળશની સાઈઝ (મોટો)..........................

૬. અંદાજીત કળશની સંખ્યા – ૨૫૧

૭. અંદાજીત પ્રોજેકટ કોસ્ટ – રૂા.૦૨ કરોડ

૮. કામની ડીપોઝીટની રકમ – રૂા.૦૫ લાખ

કોન્ટ્રાકટરની સહી અને સિક્કો

# કોન્ટ્રાકટરોને ટેન્ડર ભરવા માટેનું માર્ગદર્શન

૧. જે તે એજન્સી કળશની સંખ્યા અને તેનો ભાવ ટેન્ડરમાં ભરવામાં આવેલ તે પ્રમાણે કામ કરવાની તૈયારી બતાવે છે. ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ કામગીરીની સમય મર્યાદા કરતા વધારે સમય લાગશે તો ટ્રસ્ટ દ્વારા પ્રતિદિન રૂા.૨,૫૦૦/- લેખે પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

૨. સદરહુ ભાવ પત્રક સીલબંધ કવરમાં જનરલ મેનેજરશ્રી, સોમનાથ ટ્રસ્ટ, યાત્રિ સુવિધા માહિતી કેન્દ્ર સોમનાથ-પ્રભાસ પાટણ જીલ્લો.ગીર-સોમનાથ ૩૬૨૨૬૮ ના એડ્રેસ ઉપર તારીખ ............... સમય સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીમાં મોકલવાનું રહેશે ત્યાર બાદ આવેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં.

૩. કોઈપણ કારણ આપ્યા વગર એક અથવા બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર શ્રી સોમનાથ ટ્રસ્ટનો આખરી રહેશે.

૪. ટેન્ડર ભરનારે ડાબી બાજુની ખાલી જગ્યામાં દરેક વસ્તુના ભાવ અને પછીના કોલમમાં કુલ ભાવ ભરવાના રહેશે. ટેન્ડરમાં સોનાનો ભાવ ભરવાનો રહેશે નહીં. સોનું ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે. સોનાની લગડીમાંથી વરખ બનાવવા માટે જરૂરી સોનાની પટ્ટીઓ એજન્સીએ સ્વખર્ચે બનાવવાની રહેશે.

૫. સુચિમાં આવેલ જથ્થો અંદાજીત છે જેમાં વધઘટ થઈ શકે છે. કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ કામ પ્રમાણે પેમેન્ટ વાસ્તવીક કામનું બીલ બનાવવાનું રહેશે તે પ્રમાણે પેમેન્ટ કરવામાં આવશે. ૫% થી વધારે ભાવ કે જથ્થામાં ફેરફાર થાય તેવા કિસ્સામાં ટ્રસ્ટની મંજુરી ફરજીયાત લેવાની રહેશે.

૬. કોન્ટ્રાકટર પાસે જી.એસ.ટી. નંબર હોવો ફરજીયાત છે અને તેનો યોગ્ય જગ્યાએ ઉલ્લેખ કરવાનો રહેશે.

૭. કોન્ટ્રાકટરે માન્ય ઓળખકાર્ડ અને પ્રમાણપત્ર સાથે જોડવાના રહેશે અને દરેક પાના ઉપર સહી કરવાની રહેશે.

૮. કોન્ટ્રાકટર દ્વારા કામ કરવા માટે મોકલવામાં આવેલ તમામ કારીગરોનો વર્કમેન કમ્પેસેસન વીમો કરાવવાનો રહેશે. કારીગર અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૯. ભરવામાં આવેલ ટેન્ડરના ભાવોમાં તમામ પ્રકારના ખર્ચા જેવા કે વીમા, પરીવહન, તમામ સરકારી ટેક્ષ અને અન્ય કોઈ ખર્ચ હોય તો તે સાથેના છે. આ સિવાય ટ્રસ્ટ દ્વારા અલગથી કોઈપણ પેમેન્ટ કરવામાં આવશે નહીં.

૧૦. જે એજન્સીનું ટેન્ડર મંજુર થશે તેમણે સિકયોરીટી ડીપોઝીટ પેટે ૦૧ વર્ષની રૂા.૨,૫૧,૦૦૦/- ની બેંક ગેરેન્ટી જમા કરાવવાની રહેશે. ત્યાર બાદ જ વર્કઓર્ડર આપવામાં આવશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ કામગીરી પૂર્ણ થયે થર્ડપાર્ટી ઈન્સ્પેકશન કરાયા બાદ સારી અને સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મળ્યા બાદ ફાઈનલ બીલની ચુકવણી સાથે જ પરત કરવામાં આવશે.

૧૧. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સૌથી નીચામાં નીચુ કે કોઈ ટેન્ડર સ્વીકારવા કે અંશતઃ સ્વીકારવું કે ન સ્વીકારવું માટે ટ્રસ્ટ પોતાના નિર્ણય માટે કોઈપણ જાતના કારણો આપવા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ બંધાયેલ નથી કે રહેશે નહીં.

૧૨. ઈ.એમ.ડી. સ્વરૂપે ટેન્ડર સાથે રૂા.૨,૫૧,૦૦૦/- નો ડી.ડી. શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ પાટણ નામનો આપવાનો રહેશે. જે ટેન્ડર ફાઈનલ થયા પછી નકકી કરેલ એજન્સી સિવાય તમામ એજન્સીને ડી.ડી. પરત કરવામાં આવશે.

૧૩. જે કોન્ટ્રાકટરનું ટેન્ડર મંજુર થશે તેમને ટ્રસ્ટ દ્વારા આ બાબતનો વર્કઓર્ડર મળ્યા બાદ તુરત જ કામ કરવા અંગે કરાર કરવાનો રહેશે તથા કામગીરી સત્વરે ચાલુ કરવાની રહેશે.

ઉપરોકત તમામ શરતો તેમજ આ ટેન્ડરની સમગ્ર હકીકત અમોએ વાંચી સમજી અને વિચારેલ છે જે અમોને મંજુર છે જે અંગે અમોએ નીચે સહી કરી આપેલ છે. જેથી અમારૂ આ ટેન્ડર સદર બાબતે ધ્યાને લેવા વિનંતી.

સ્થળ ::-

તારીખ ::- કોન્ટ્રાકટરની સહી અને સિક્કો

# <u>કરારની શરતો</u>

૧. સમગ્ર કામ ત્રાંબાના કળશ સાઈઝ પ્રમાણે તૈયાર કરી તેની ઉપર ગોલ્ડ માઉન્ટીંગ (ગીલ્ડીંગ) કરી મંદિર પર લગાડવાની કામગીરી વર્કઓર્ડરમાં આપેલ સમયમર્યાદમાં જ પૂર્ણ કરવાનું રહેશે.

૨. કળશ બનાવવા માટે ત્રાંબુ, તેમજ ઉપયોગમાં લેવાની વસ્તુની ગુણવત્તા ટ્રસ્ટ પાસે મંજુર કરાવવાની રહેશે. તેમજ ટ્રસ્ટ ગુણવત્તા બાબતે થર્ડપાર્ટી પાસે ગુણવત્તાની ચકાસણી પણ કરાવશે.

૩. કોન્ટ્રાકટરના કામમાં કોઈ જાતનો વધારો કે ઘટાડો કરવો અથવા ફેરફાર કરવાનો સંપૂર્ણ અધિકાર શ્રી સોમનાથ ટ્રસ્ટનો રહેશે.

૪. ટ્રસ્ટ દ્વારા મંજુર થયેલ ડ્રોઈંગ અને ડીઝાઈન પ્રમાણે કામ કરવાનું રહેશે અને કાર્યની ગુણવત્તા ઉચ્ચકક્ષાની રાખવાની રહેશે.

૫. સારી ગુણવત્તાવાળા મટીરીયલનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૬. મંદિરમાં કામ કરવામાં આવનાર વ્યક્તિ માટે રહેવાની જમવાની સુવિધા ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે. તેમના આધારકાર્ડ / ઈલેકશન કાર્ડ તેમજ જરૂરી ડોકયુમેન્ટ એજન્સીએ આપવના રહેશે.

૭. મંદિર ઉપર કામ કરવા માટે આવનાર તમામ વ્યક્તિઓ માટે સરકારશ્રીના તેમજ મંદિરના નિયમો પ્રમાણે કોન્ટ્રાકટર દ્વારા પુરતા લેબર કાયદા પ્રમાણે તમામ કાયદાનું પાલન કરવાની જવાબદારી કોન્ટ્રાકટર/એજન્સીની રહેશે. જેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. ટેન્ડર ભરનારે તેમના ભાવ પત્રકમાં દર્શાવેલ વિગતો પ્રમાણે જ ભરવાનું રહેશે. કોન્ટ્રાકટરે પોતાની કોઈપણ શરત રાખી શકશે નહીં. શરતો લખેલું ટેન્ડર માન્ય ગણાશે નહીં.

૯. ટેન્ડર ભરનારે ત્રાંબાના કળશ પર સોનાનું માઉન્ટીંગ (ગીલ્ડીંગ) કરીને તેની પર કેમીકલથી લેમીનેશન (કોટીંગ) કરવાનું રહેશે. આ કામ કર્યા બાદ ૧૦ વર્ષ સુધી કોઈપણ પ્રકારની ખામી, ગોલ્ડ માઉન્ટીંગ (ગીલ્ડીંગ) નીકળી જવું વિગેરેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. ૧૦ વર્ષના સમયગાળામાં કોઈપણ ખામી કે

નુકસાન થાય તો તે ફરીથી કામ કરી આપવાનું રહેશે. જેનો ટ્રસ્ટ કોઈપણ જાતનો ચાર્જ ચુકવશે નહીં. આ અંગેનું રૂા.૧૦૦/- સ્ટેમ્પ પેપર ઉપર બાહેંધરી આપવાની રહેશે.

૧૦. કોન્ટ્રાકટર દ્વારા કામ કરવાની પદ્ધતિનો તબક્કાવાર વિગત સાથે વિવરણ ટ્રસ્ટને આપવાનું રહેશે.

૧૧. સરકારશ્રીના નિયમોનુંસાર બીલમાંથી ટી.ડી.એસ. કાપી અને પેમેન્ટ ચેક દ્વારા કરવામાં આવશે.

૧૨. ટેન્ડર ભરનાર એજન્સીએ પોતે જ આ કામગીરી કરવાની રહેશે અન્ય કોઈ એજન્સીને હસ્તાંતરણ કરી શકશે નહીં. ટ્રસ્ટને જો આ બાબતની જાણ થયે કોન્ટ્રાકટ રદ કરી સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૩. ટેન્ડરના કવર ઉપર કામનું નામ "મંદિરના શિખર ઉપર પથ્થરના કળશ દૂર કરીને નિયત કરેલ સાઈઝ પ્રમાણેના ત્રાંબાના કળશ બનાવી ગોલ્ડ માઉન્ટીંગ (ગીલ્ડીંગ) કરવાની કામગીરીનું ટેન્ડર" તેમાં સ્પષ્ટ લખવાનું રહેશે. જો આવું લખેલ નહીં હોય અને બંધ કવર ખુલી જશે તો તેની જવાબદારી શ્રી સોમનાથ ટ્રસ્ટની રહેશે નહીં.

૧૪. એજન્સીએ ટેન્ડરમાં દર્શાવેલ આંકડા તથા શબ્દોમાં સ્પષ્ટ પણે વંચાય શકે તે રીતે ભાવ ભરવાના રહેશે. આંકડા સ્પષ્ટ લખેલ ન હોય તો શબ્દોમાં લખેલ ભાવ માન્ય ગણવામાં આવશે.

૧૫. સદરહુ કામગીરી મંદિર દ્વારા અધિકૃત કરેલ કમિટિની દેખરેખ તળે સલાહ સુચન મુજબ કામગીરી કરવાની રહેશે.

૧૬. આ કામ માટે તાંબાના કળશ બનાવતા પહેલા એજન્સીએ સ્થળ ઉપર આવીને મંદિરના કળશના માપો મેળવી તે મુજબ મોલ્ડ તૈયાર કરી તાંબાના કળશ બનાવવાના રહેશે. મંદિર પર હાલ જે પ્રમાણેના પથ્થરના કળશ છે તે પ્રકારના આબેહુબ ત્રાંબાના કળશ બનાવવાના રહેશે. આ અંગેના સેમ્પલ કળશ તૈયાર છે તે પ્રમાણેના જ કળશ બનાવવાના રહેશે.

૧૭. તાંબાના કળશ ઉપર ગોલ્ડ માઉન્ટીંગ (ગીલ્ડીંગ) કરવાની પ્રક્રિયા સોમનાથમાં ટ્રસ્ટ તરફથી જે જગ્યા બતાવવામાં આવે તે જગ્યાએ સોમનાથ ટ્રસ્ટ દ્વારા અધિકૃત કરેલ કમિટિની હાજરીમાં કામગીરી કરવાની રહેશે.

૧૮. સોનાથી ગોલ્ડ માઉન્ટીંગ (ગીલ્ડીંગ) કરેલ તાંબાનો કળશ મંદિર ઉપર ફિટીંગ કરવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે. આ માટે જરૂરી તમામ પાલખ સામાન લાવી બંધાવી અને કળશ ફિટ કરવાના રહેશે. ગોલ્ડ માઉન્ટીંગ માટેની જરૂરી તમામ સાધન સામગ્રી દા.ત. તરીકે હોલો કળશમાં સીમેન્ટ કે અન્ય મટીરીયલ્સ ભરી આપવાનું રહેશે. જેથી કળશ મજબુત રીતે ફિટ થાય. સદર બાબતે સમગ્ર વસ્તુઓ પોતાના ખર્ચે લાવવાની રહેશે. અલગથી કોઈપણ પ્રકારનો ખર્ચ ચુકવવામાં આવશે નહીં.

૧૯. શ્રી સોમનાથ ટ્રસ્ટનું ઓડીટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તથા લોકલ ફંડ મારફત કરવામાં આવે છે તેથી તેઓ તરફથી સદરહુ કામના કોન્ટ્રાકટ સંબંધિત જે કાંઈ સુચનાઓ આપવામાં આવશે તે કોન્ટ્રાકટરને બંધન કર્તા રહેશે અને તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૨૦. કોન્ટ્રાકટર, લેબર રેગ્યુલેશન એન્ડ એબોલ્યુશન એકટ ૧૯૭૦ તેમજ તે હેઠળના નિયમો ૧૯૭૨ની જોગવાઈઓનો કોન્ટ્રાકટરે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લેબર એકટ તથા લઘુતમ વેતન ધારા સંબંધિત કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેમાં સોમનાથ ટ્રસ્ટની કોઈ જવાબદારી રહેશે નહીં. આ કામના કારીગરો તથા મજુરોને સમયસર પગાર સરકારશ્રીના મીનીમમ વેજીસ એકટ મુજબ ચુકવવાનું રહેશે અને તેનો જરૂરી રેકર્ડ નિભાવવાનો રહેશે.

૨૧. કામની સાઈટ ઉપર કોઈપણ પ્રકારના અકસ્માતને કારણે કારીગર, મજુરોને કોઈપણ પ્રકારની ઈજા થાય કે મૃત્યુ થાય તો વળતર ચુકવવાની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કારીગર / મજુરોનો વિમો કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે લેવાનો રહેશે. આ બાબતે સોમનાથ ટ્રસ્ટની કોઈ જવાબદારી રહેશે નહીં.

૨૨. સદરહુ કામગીરી કરતા મંદિરના હયાત સ્ટ્રકચરને કોઈપણ જાતનું નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે અને જો થશે તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે જે બાબતે એજન્સીએ પોતાના ખર્ચે અને જોખમે ફરીથી તૈયાર કરી આપવાનું રહેશે.

૨૩. એજન્સીએ અગાઉ કરેલ કામગીરીનું પ્રમાણપત્ર મેળવી ટેન્ડર સાથે જોડવાનું રહેશે. જેમાં તાંબા અને સોનાનું તેમજ પદ્ધતિથી કરેલ કામગીરીની વિગતો વજન સાથે જણાવવાની રહેશે.

૨૪. વપરાશ થનાર તાંબાની શીટમાં ૯૫ ટચ કોપર હોવું જોઈએ જેના લેબોરેટરી ટેસ્ટીંગ ટ્રસ્ટ દ્વારા કરાવવામાં આવશે. જેનો ખર્ચ એજન્સીના બીલમાંથી કપાત કરવામાં આવશે.

૨૫. કોન્ટ્રાકટની શરતો બાબતે ટ્રસ્ટના સક્ષમ અધિકારીશ્રી કોઈપણ સમયે કામના હિતમાં જરૂરી ફેરફાર કરી શકશે.

૨૬. બધા જ ડોકયુમેન્ટ સેલ્ફ એટેસ્ટેડ કરીને જોડવાના રહેશે.

ઉપરોકત કામની વિગતો, સ્પેશીફીકેશન વિગેરે મેં ચકાસ્યા છે. હું પુરેપુરી સમજણથી આ કામ માટે ભાવ આપું છું. હું ટેન્ડરની બધી જ શરતો માનીને જ્યારે જરૂર પડે ત્યારે કરાર કરીને આ કામ કરવા તૈયાર છું. હું આ સાથે માગ્યા પ્રમાણેની તમામ વિગતો સામેલ રાખું છું.

સ્થળ ::-

તારીખ ::- આપનો વિશ્વાસુ

કોન્ટ્રાકટરની સહી અને સિક્કો

# સુચિ

| વિગત | કળશ સાઈઝ ૯" | | કળશ સાઈઝ૧૧" | | કળશ સાઈઝ ૧૪" | |
|---|---|---|---|---|---|---|
| | વિગત | ભાવ પ્રતિ કળશ | વિગત | ભાવ પ્રતિ કળશ | વિગત | ભાવ પ્રતિ કળશ |
| કોપર કળશ<br>(રૂા.......... પર કે.જી.) | | | | | | |
| ગોલ્ડ જરૂરીયાત<br>(ગ્રામ) | | | | | | |
| મજુરી<br>(સોનામાંથી વરખ બનાવવાની કામગીરી + વરખને ત્રાંબાના કળશ ઉપર લગાવવાની કામગીરી + પથ્થરના કળશ કાઢીને નવા ત્રાંબાના કળશ મંદિર ઉપર લગાવવાની કામગીરી લેમીનેશન માટેનું કેમીકલ અને બીજું કોઈ માલ-સામાન વાપરવાનું હોય તો તેનો ભાવ) | | | | | | |
| કુલ | | | | | | |

સ્થળ ::-

તારીખ ::-

ટેન્ડરરની સહી તથા સિકકો

## કામની વિગત

૧. સોમનાથ મંદિર શિખર ઉપર સારી ગુણવત્તાવાળા તાંબામાંથી કળશ બનાવવાના રહેશે. તાંબામાંથી કળશ બનાવવા માટે ૧૬ ગેજના પતરામાં નિયત નમુના પ્રમાણેના આકારમાં સારા દેખાય તેવા ફિનીસીંગવાળા કળશ બનાવવાના રહેશે. શ્રેષ્ઠ ગુણવત્તાવાળા શુદ્ધ ત્રાંબાનો ઉપયોગ કરવાનો રહેશે અને શુદ્ધતા અંગેનું માન્ય એજન્સી પાસે જરૂરી પરીક્ષણ કરાવી તેનું સર્ટીફિકેટ પણ આપવાનું રહેશે. અત્યારે જે પથ્થરના કળશ છે તે દૂર કરીને તાંબાનો કળશ બેસાડવાનો રહેશે. કોન્ટ્રાકટર દ્વારા પથ્થરના કળશને દૂર કરી નવા કળશ ફિટ કરવાની કામગીરી તેની ઉપર ત્રાંબાનો ગોલ્ડ માઉન્ટીંગ કળશ લગાડવાનો રહેશે.

૨. કોન્ટ્રાકટર દ્વારા આપવામાં આવેલ ભાવમાં પ્રાજ અથવા પાલખ બાંધવાની અન્ય માલ-સામાન, સાધન સામગ્રી અને મજુરી ખર્ચ કોન્ટ્રાકટર દ્વારા કરવાના રહેશે. ટ્રસ્ટે નિયત કરેલ ડીઝાઈન પ્રમાણે કોન્ટ્રાકટરે ટ્રસ્ટને સંતોષકારક કામ કરી આપવાનું રહેશે.

૩. ગોલ્ડ બિસ્કીટમાંથી ગોલ્ડના પતરા બનાવવા, પતરામાંથી એક સરખા સોનાના વરખ બનાવવું, જેનું સ્ટાન્ડર્ડ વજન અને જાડાઈ પ્રમાણસર હોવી જોઈએ. જેથી સ્થાનિક વાતાવરણમાં કળશને નુકસાન ના પહોંચે સોનાની ગુણવત્તા અને શુદ્ધતા માટે માન્ય એજન્સીના જરૂરી પ્રમાણપત્રો આપવાના રહેશે. તેમજ જરૂર જણાયે ટ્રસ્ટ પણ થર્ડપાર્ટી ઈન્સ્પેકશન કરાવી શુદ્ધતાની ખાત્રી મેળવી શકશે. કળશને લગાવવા માટે જરૂરી સાધન સામગ્રી કોન્ટ્રાકટરે પોતે વ્યવસ્થા કરવાની રહેશે. કળશ ઉપર લગાવવામાં આવેલ સોનાને કોઈપણ જાતનું નુકસાન ન થાય એ માટે જરૂરી રસાયણ કે કેમીકલ કોન્ટ્રાકટરે પોતે વાપરવાનું રહેશે. આ કેમીકલ અંગેની વિગત (કન્ટેન) પણ જણાવવાના રહેશે. ટ્રસ્ટ દ્વારા માત્ર સોનું જ આપવામાં આવશે.

૪. ગોલ્ડ સિવાયની બધી જ વસ્તુઓ જેમ કે રસ્સા, ઝુલા, સીડી, ત્રાંબુ, કેમીકલ, પાલખ સામાન વિગેરે વસ્તુઓ કોન્ટ્રાકટરે જાતે જ લાવવાની રહેશે.

૫. આ કામ મુખ્ય મંદિરમાં કરવાનું છે. જેથી મંદિરે આવનાર દર્શનાર્થીઓને કોઈપણ જાતનું નુકસાન ન થાય કે વિક્ષેપ ના પડે અને કામ પુરુ થયા પછી દરરોજ સાફ સફાઈની તકેદારીનું કોન્ટ્રાકટરે તકેદારી જાતે રાખવાની રહેશે.

૭. કોન્ટ્રાકટર દ્વારા છેલ્લા દસ વર્ષમાંથી કોઈપણ ૦૫ વર્ષમાં આ પ્રકારનું કામ કરેલ હોવું જોઈએ. ટેન્ડર સાથે આ પ્રકારની કરેલ કામગીરીના ફોટોગ્રાફસ, વર્કઓર્ડર અને પ્રમાણપત્ર સેલ્ફ એટેસ્ટેડ કરીને જોડવાના રહેશે.

૮. કોન્ટ્રાકટર દ્વારા પૂર્ણ થયેલ કામ માટે આંશિક બીલ (રનીંગ બીલ) રજૂ કરવાનું રહેશે. જે ટ્રસ્ટ બીલની જરૂરી કાર્યવાહી કરી ને ચુકવણું કરવામાં આવશે અને કુલ હિસાબ છેલ્લા બીલમાં કરવામાં આવશે.

૯. દરેક બીલમાંથી ૫% રીટેન્શન મની કપાત કરવામાં આવશે જે કામ પૂર્ણ થયાના ૦૩ વર્ષ બાદ કામગીરી સંતોષકારક જણાયે પરત આપવામાં આવશે.

સ્થળ ::-

તારીખ ::- ટેન્ડરરની સહી તથા સિકકો